**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૫૨૩/૨૦૨૨.**

**આંક : .......**

| | | |
|---|---|---|
| **ફરિયાદી** | **:** | **કારખાના નિરીક્ષકશ્રી, અમદાવાદ.** |
| | | **: વિરૂઘ્ધ :** |
| **આરોપી** | **:** | **શ્રી અરવિંદભાઈ પોપટલાલ પટણી (કબજેદાર)**<br>ગિરનાર એન્જિનિયરીંગ વર્કસ પ્રા. લિ.,<br>પ્લોટ નં.૪૮, જી.આઈ.ડી.સી. કઠવાડા,<br>અમદાવાદ–૩૮૨૪૩૦. |
| **ગુન્હો** | **:** | **કારખાના અધિનિયમની કલમ ૯૨ મુજબ**. |
| **આરોપી તરફે** | **:** | **વિ. વ. શ્રી ડી. ડી. ભુછડા.** |

**<u>–: ચુ કા દો :–</u>**

(૧) હાલનો ફોજદારી કેસ અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ કારખાના નિરીક્ષક ઘ્વારા ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ઘ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, ફરિયાદી ફેકટરી એકટની ક.૮ મુજબ નિરીક્ષક તરીકે નિમાયેલા છે. તેઓએ આરોપીના કારખાનાની મુલાકાત લઈ તપાસ કરતા જાણવા મળેલ કે, **કારખાના ધારાના નિયમ–૧૧૦–એ, ૯૫(૧), ૯૪(૧), ૮૮ અને ૯૯ નો ભંગ કરી જુદા જુદા–૨૮** ગુના કરેલ છે, જે કારખાના ધારાની ક.૯૨ હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરિયાદ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ ઈશ્યુ કરતા આરોપી વતી અધિકૃત પ્રતિનિધી અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ ? તેવું પૂછવામાં આવેલ જેથી આરોપી વતી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ, ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. આરોપી વતી ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતા તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત આરોપી વિરૂઘ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોતી વતી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે. જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપીએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ

અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહીં તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **કારખાના ધારાના નિયમ–૧૧૦–એ, ૯૫(૧), ૯૪(૧), ૮૮ અને ૯૯ નો ભંગ કરી જુદા જુદા–૨૮ ગુનાનો ભંગ** કરીને કારખાના ધારાની ક.૯૨ મુજબનો ગુન્હો કરેલ છે. આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ઘ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯ ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિઘ્ધાંત ઘ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**–: હુકમ ::–**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૨ મુજબ **કારખાના ધારાના નિયમ–૧૧૦–એ, ૯૫(૧), ૯૪(૧), ૮૮ અને ૯૯ નો ભંગ કરી જુદા જુદા–૨૮ ગુનાના** ભંગ બદલ કારખાના ધારાની કલમ–૯૨ મુજબ તકસીરવાન ઠરાવીને **કુલ રૂા.૫૬,૦૦૦/–(અંકે રૂપિયા છપ્પન હજાર પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.** જો આરોપી દંડ ન ભરે તો આરોપીને એક માસની સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે. આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

(૨) આરોપીએ ઉપર મુજબના નિયમોની ક્ષતિની પૂતર્તા કરી દિન–૩૦ માં સબંધિત કચેરીને જાણ કરવી.

(૩) આ હુકમ આજરોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૩/૦૫/૨૦૨૩.
સ્થળ : અમદાવાદ.

**(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)**
**એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**
**CODE-GJ00883**

HMPRAJAPATI,PA.